એરપોર્ટ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
**ફોન નંબર ૦૭૯૨૫૬૨૧૫૫૫**
**ફેકસ નંબર .૦૭૯-૨૨૬૮૦૪૦૮**
E-mail : polstn-air-ahd@gujarat.gov.in
અમદાવાદ શહેર પોલીસ

# પ્રેસનોટ

## જુગારનો ગણનાપાત્ર શોધી કાઢતી એરપોર્ટ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'જી' ડીવીઝન, અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ સિનિ.પો.ઈન્સ. શ્રી કે.સી.રાઠવા સાહેબ નાઓની સુચના મુજબ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ગેરકાયદેસર જુગાર પ્રવૃત્તિ નેસ્ત નાબુદ કરવા આપેલ સુચના આધારે અમો તાબાના સર્વેલન્સ સ્કવૉડના માણસો સાથે રાખી બાતમી હકીકત આધારે એરપોર્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મ.નં.૩૦૨, સિન્ધી કોલોની,શાંતિપ્રકાશ હોસ્પિટલ સામે, સરદારનગર,અમદાવાદ શહેર ખાતે રહેતા લતાબેન મુળચંદભાઈ જેસવાણી નાઓ પોતાની માલિકીના મકાનમાં કેટલાક બહારથી માણસો બોલાવી પોતાના આર્થિક ફાયદા સારૂ ગંજી પાનાથી તીનપત્તીનો પૈસાની હાર જીતનો જુગાર રમી રમાડતા હોય જે બાતમી હકીકત આધારે સદર જગ્યાએ રેઈડ કરતા ઉપરોક્ત મકાન માલીક પોતાના ઘરે ત્રણ ઈસમો તથા સાત મહિલા સાથે મળી જુગાર રમી રમાડતા મળી આવેલ જેમાં આરોપીઓની અંગઝડતીમાંથી રોકડ રૂ.૧૩,૭૫૦/- તથા જુગારના દાવ ઉપરના નાંણા રૂ.૧૦,૬૫૦/- તથા આરોપીઓના કબ્જાના જુદી જુદી કંપનીના મો.ફોન નંગ-૧૦ જેની કિં.રૂ.૨૧,૬૦૦/- તથા ગંજીપાના નંગ-૧૦૪ જેની કિં.રૂ.૦૦/૦૦ મળી કુલ્લે રૂ.૪૬,૦૦૦/- ના મત્તાના મુદ્દામાલ સાથે મળી આવેલ હોય જેથી આરોપીઓને ધી જુગારધારા કલમ-૪,૫ મુજબના કામે તા.૨૧/૧૧/૨૦૧૯ ના કલાક:૨૦/૩૦ વાગે અટક કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરેલ છે.

આરોપીઓના નામ : (૧) લતાબેન મુળચંદભાઈ જેસવાણી ઉ.વ.૬૫ રહે-મ.નં.૩૦૨, સિન્ધી કોલોની, શાંતિપ્રકાશ હોસ્પિટલ સામે, આંબાવાડી, સરદારનગર,અમદાવાદ શહેર (૨) સિયાબેન W/O રાહુલકુમાર આહુજા ઉ.વ.૨૮ રહે-સી/૧૫, હરિકૃપા સોસાયટી, કેનાલ પાસે, કૃષ્ણનગર, અમદાવાદ શહેર (૩) મીનાબેન W/O અશોકભાઈ થાવાણી ઉ.વ.૪૫ રહે-મ.નં.૮૧૮, જવાહર કોલોની, આંબાવાડી સર્કલ, સરદારનગર, અમદાવાદ શહેર(૪) કશિશબેન W/O સુનિલકુમાર વાધવાણી ઉ.વ.૩૦ રહે-પ્લોટ નં.૨૭, બંગ્લા એરીયા, કુબેરનગર, સરદારનગર, અમદાવાદ શહેર (૫) સોનલબેન W/O રામકુમાર આલીયાની ઉ.વ.૪૭ રહે-મ.નં.૭૨, ગંગાધર સોસાયટી, ભદ્રેશ્વર, ઈન્દ્રિરા બ્રિજ પાસે, સરદારનગર,અમદાવાદ શહેર (૬) અંજુબેન W/O મુરલીધર કટારીયા ઉ.વ.૫૫ રહે-મ.નં.બી/૧૦, શ્યામમલ સોસાયટી, 'એ' વોર્ડ, કુબેરનગર, સરદારનગર, અમદાવાદ શહેર (૭) રેણુબેન W/O હરેશકુમાર હિરાણી ઉ.વ.૪૦ રહે-૫૮૬, જવાહર કોલોની, સરદારનગર પો.લાઈન પાસે, આંબાવાડી,સરદારનગર, અમદાવાદ શહેર (૮) રાજેશકુમાર S/O મોહનલાલ બાલાણી ઉ.વ.૪૫ રહે-૪, ચંદરમા સોસાયટી, ન્યુ 'જી' વોર્ડ, કુબેરનગર, સરદારનગર, અમદાવાદ શહેર (૯) રાજેશભાઈ S/O અરજનદાસ ફગનાની ઉ.વ.૩૩ રહે- મ.નં.૧, જુલેલાલ એપાર્ટમેન્ટ,'એ' વોર્ડ, કુબેરનગર, સરદારનગર, અમદાવાદ શહેર (૧૦) વિશાલ S/O ભારતસિંહ સોઢા ઉ.વ.૨૭ રહે-ઘનશ્યામ દેવુમલ મોહીનાણી નાઓના મકાનમાં, એ વોર્ડ, કુબેરનગર, સરદારનગર, અમદાવાદ શહેર

મુદ્દામાલ : (૧) અંગઝડતીના રોકડ રૂ.૧૩,૭૫૦/- (૨) જુગારના દાવ ઉપરના નાંણા રૂ.૧૦,૬૫૦/- (૩) આરોપીઓના કબ્જાના જુદી જુદી કંપનીના મો.ફોન નંગ-૧૦ જેની કિં.રૂ.૨૧,૬૦૦/- (૪) ગંજીપાના નંગ-૧૦૪ જેની કિં.રૂ.૦૦/૦૦

કુલ્લે રૂ.૪૬,૦૦૦/-

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :

(૧) સર્વેલન્સ સ્કવૉડ પો.સબ.ઈન્સ. શ્રી ડી.બી.પ્રજાપતિ
(૨) અ.હે.કો.રમેશભાઈ મંગળભાઈ બ.નં.૯૫૧૪
(૩) અ.હે.કો.ચેતનકુમાર દેવજીભાઈ બ.નં.૩૩૯૦
(૪) અ.પો.કો.અલ્પેશસિંહ ભવાનસિંહ બ.નં.૪૧૪૦
(૫) અ.પો.કો.મહેન્દ્રસિંહ મુળુભા બ.નં.૧૦૧૨૭
(૬) અ.પો.કો.જગદીશકુમાર જયંતીલાલ બ.નં.૮૪૯૩
(૭) અ.લો.ર.જીગરકુમાર રામજીભાઈ બ.નં.૧૧૩૦૫
(૮) અ.હે.કો.વર્ષાબેન નિલેશભાઈ બ.નં.૩૮૭૮
(૯) અ.લો.ર.પ્રિયાબેન સતિષકુમાર બ.નં.૧૦૪૩૯

નોંધ: એરપોર્ટ પોલીસ સ્ટેશન પોલીસ દ્વારા આ ગઈકાલ તા.૨૦/૧૧/૨૦૧૯ ના રોજ નીચે જણાવ્યા મુજબના જુગારના કેસો શોધી કાયદેસર કાર્યવાહી કરેલ છે.

(૧) સે.ગુ.ર.નં.૩૩૪૧/૧૯ ધી જુગારધારા કલમ-૧૨ મુજબ કુલ્લે આરોપી-૦૮ ના કબ્જામાંથી અંગઝડતીના રોકડ રૂ.૩૨૦૦/- તથા દાવના રોકડ રૂ.૪૨૩૦/- તથા જુદી જુદી કંપનીના મો.ફોન નંગ-૦૭ જેની કિં.રૂ.૧૨,૫૦૦/- તથા ગંજીપાના નંગ-૫૨ કિં.રૂ.૦૦/૦૦ મળી કુલ્લે કિં.રૂ.૧૯,૯૩૦/- ની મત્તાનો કેસ શોધેલ છે.

(૨) સે.ગુ.ર.નં.૩૩૪૦/૧૯ ધી જુગારધારા કલમ-૧૨(અ) મુજબ કુલ્લે આરોપી-૦૧ ના કબ્જામાંથી અંગઝડતીના રોકડ રૂ.૧૧,૭૦૦/- તથા સટ્ટાસ્લીપ નંગ-૦૩ જેની કિં.રૂ.૦૦/૦૦ તથા મોબાઈલ નંગ-૦૧ કિં.રૂ.૫૦૦/- મળી કુલ્લે કિં.રૂ.૧૨,૨૦૦/-ની મત્તાનો કેસ શોધેલ છે.